# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 22-07-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : સોમવાર

### આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

- ✓ કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણ આવતી કાલે લોકસભામાં બજેટ રજૂ કરશે
- ✓ આર્થિક સમીક્ષામાં નાણાકીય વર્ષ 2024-25માં વાસ્તવિક જીડીપીનો વૃધ્ધિ દર 6.5 ટકાથી સાત ટકા રહેવાનો અંદાજ
- ✓ કાંવડ યાત્રાના માર્ગ પર ખાણીપીણીનાં એકમોનાં માલિકોનું નામ પ્રદર્શિત કરવા ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ સરકારનાં આદેશ પર સર્વોચ્ચ અદાલતનો મનાઇ હૂકમ
- ✓ સરકારે સ્પષ્ટતા કરી છે કે કેન્દ્રીય કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના પુનઃ શરૂ કરવા માટેનો કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી
- ✓ આગામી ત્રણ દિવસ દરમિયાન ગુજરાત, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## BUDGET ECONOMIC SURVEY

આજથી સંસદના બજેટ સત્રનો પ્રારંભ થયો છે. કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણ આવતી કાલે લોકસભામાં નાણાકીય વર્ષ 2024-25નું બજેટ રજૂ કરશે. નરેન્દ્ર મોદી સરકારની ત્રીજી ટર્મનું આ પ્રથમ બજેટ છે.

દરમ્યાન, સુશ્રી સીતારમણે આજે લોકસભામાં વર્ષ 2023-24નું આર્થિક સર્વેક્ષણ રજૂ કર્યું હતું. નાણાકીય વર્ષ 2024-25માં વાસ્તવિક જીડીપીનો વૃધ્ધિ દર 6.5 ટકાથી સાત ટકાનો અંદાજવામાં આવ્યો છે. સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, અનિશ્ચિત વૈશ્વિક આર્થિક સ્થિતિ છતાં નાણાકીય વર્ષ 2023-24માં સ્થાનિક વૃધ્ધિનાં ચાલક બળોએ ભારતની આર્થિક વૃધ્ધિને ટેકો આપ્યો હતો. ચાલુ નાણાકીય વર્ષમાં 4.5 ટકા અને આગામી નાણાકીય વર્ષમાં 4.1 ટકા ફુગાવો રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.

સર્વેમાં જણાવ્યા પ્રમાણે ચીજવસ્તુઓ અને સેવાઓમાં વધારો થવાની સંભાવના છે. હવામાન વિભાગની સામાન્ય વરસાદની આગાહી અને નૈઋત્યના ચોમાસાનાં સંતોષજનક વ્યાપને પગલે કૃષિ ક્ષેત્રનો દેખાવ સુધરવાની અને ગ્રામીણ માગમાં વધારો થવાની સંભાવના છે.

દરમિયાન, મુખ્ય આર્થિક સલાહકાર અનંત નાગેશ્વરને જણાવ્યું હતું કે, વૈશ્વિક આર્થિક પડકારો વચ્ચે ભારત માટે વર્ષ 2024-25માં જીડીપીમાં સાત ટકા વૃધ્ધિ દર હાંસલ કરવો શક્ય છે.તેમણે જણાવ્યું કે, અર્થતંત્રમાં વૃધ્ધિમાં વેગ જોવા મળ્યો છે. આગામી વર્ષમાં કૃષિ ક્ષેત્ર સારી કામગીરી કરે તેવી સંભાવના છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે કેન્દ્રીય બજેટ આગામી પાંચ વર્ષની સફરની દિશા નિર્ધારિત કરશે અને 2047માં વિકસીત ભારતનું સ્વપ્ન સાકાર કરવાનો પાયો નાખશે.

## SC-KANWAR YATRA

કાંવડ યાત્રાના માર્ગ પર આવતા ખાણીપીણીનાં એકમોનાં માલિકોને તેમનું નામ પ્રદર્શિત કરવાનો નિર્દેશ આપતા ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ સરકારનાં નિર્ણય પર સર્વોચ્ચ અદાલતે મનાઇ હૂકમ આપ્યો છે.

ન્યાયમૂર્તિ ઋષિકેશ રોય અને એસવીએન ભાટીની બનેલી બેન્ચે આ મુદ્દે સુનાવણી દરમિયાન બંને રાજ્ય સરકારોને શુક્રવાર સુધી જવાબ રજૂ કરવા જણાવ્યું

હતું. બેન્ચે સ્પષ્ટતા કરી હતી કે ખાણી પીણીના એકમોએ તેમને ત્યાં પીરસવામાં આવતા ખોરાકની વિગતો પ્રદર્શિત કરવાની રહેશે.

અગાઉ, 18 જુલાઇએ મુઝફ્ફરનગરના સિનીયર સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલિસે કાંવડ યાત્રાના માર્ગ પર આવેલા ખાણીપીણીનાં એકમોને માલિકોનું નામ પ્રદર્શિત કરવા નિર્દેશ જારી કર્યો હતો. જે 19 જુલાઈથી સમગ્ર રાજ્યમાં અમલી બનાવવામાં આવ્યો હતો.

## 8TH PAY COMMISSION

સરકારે આજે પુનરોચ્ચાર કર્યો હતો કે, કેન્દ્ર સરકારના કર્મચારીઓનાં પગાર અને પેન્શનનાં સુધારા માટે આઠમા કેન્દ્રીય પગાર પંચની રચના કરવાની કોઈ દરખાસ્ત નથી. લોકસભામાં લેખિત જવાબમાં કેન્દ્રીય નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે, જૂન 2024માં આઠમા કેન્દ્રીય પગાર પંચની રચના માટે બે રજૂઆતો મળી હતી પણ હાલ સરકાર દ્વારા આવી કોઈ દરખાસ્ત વિચારણા હેઠળ નથી.

## LADAKH-PM KARGIL VIJAY DIWAS

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કારગિલ વિજય દિવસની 25મી વર્ષગાંઠની ઉજવણી માટે 26 જુલાઇનાં રોજ** લડાખ જશે. અધિકારીઓનાં જણાવ્યા પ્રમાણે, કારગિલ જિલ્લાનાં દ્રાસ ખાતે 24થી 26 જુલાઇ દરમિયાન ઉજવણી કરવામાં આવશે. અમારા લેહ લડાખના પ્રતિનિધીના જણાવ્યા પ્રમાણે, પ્રધાનંત્રી મોદી દ્રાસ ખાતે કારગિલ યુદ્ધ સ્મારકની મુલાકાત લેશે. આ ઉપરાંત, તેઓ વોલ ઓફ ફ્રેમ અને કારગિલ યુધ્ધ સંગ્રહાલયની પણ મુલાકાત લેશે. પ્રધાનમંત્રીની મુલાકાત પૂર્વે આજે લડાખના લેફ્ટનન્ટ જનરલ ડોક્ટર બી ડી મિશ્રાના વડપણ હેઠળ સલામતીની સમીક્ષા કરવા બેઠક યોજાઈ હતી.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.**

**વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડરસ્કોર** ABAD**ને ફોલો કરી શકો છો...**

## OLD PENSION SCHEME

સરકારે આજે કહ્યું કે, કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજનાને પુનઃ શરૂ કરવા માટેનો કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી. બજેટ સત્રના પ્રથમ દિવસે કોંગ્રેસના લોકસભા સાંસદ પ્રણિતી સુશીલ કુમાર શિંદે દ્વારા પૂછવામાં આવેલા એક પ્રશ્નના જવાબમાં નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે, 60 વર્ષની ઉંમરે પહોંચ્યા પછી  ત્રણ હજાર રુપિયાના માસિક પેન્શન સાથે વૃદ્ધાવસ્થાની સુરક્ષા પ્રદાન કરવા 2019માં પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન પેન્શન યોજના શરૂ કરવામાં આવી હતી.

## GOVT - DISCOMs

સરકારે પીએમ સૂર્ય ઘર-મફત વીજળી યોજના હેઠળ વીજ વિતરણ કંપનીઓને પ્રોત્સાહન માટેની માર્ગદર્શિકા જારી કરી છે. સોલર રુફટોપ ક્ષમતા વધારવા અને રહેણાંક નિવાસીઓને પોતાની રીતે વીજ ઉત્પાદન માટે પ્રોત્સાહન આપવા કેન્દ્ર સરકારે આ વર્ષે ફેબ્રુઆરીમાં યોજનાને મંજૂરી આપી હતી. આ માર્ગદર્શિકા પ્રમાણે વીજ વિતરણ કંપનીઓને પ્રોત્સાહનનું અમલીકરણ થશે

આ યોજનાનું કદ 75 હજાર કરોડ રુપિયાનું છે અને તેનો અમલ 2026-27 સુધી થશે

## WATER TAP CONNECTION

સરકારે જણાવ્યું છે કે છેલ્લા પાંચ વર્ષમાં જલ જીવન મિશન (JJM) - હર ઘર જલ હેઠળ ગ્રામીણ પરિવારોને લગભગ 11 કરોડ 75 લાખ નળના  જોડાણો

આપવામાં આવ્યા છે. જલ શક્તિ રાજ્ય મંત્રી વી. સોમન્નાએ આજે રાજ્યસભામાં એક લેખિત જવાબમાં આ માહિતી આપી હતી.

તેમણે કહ્યું કે ઓગસ્ટ 2019માં જ્યારે જલ જીવન મિશન શરૂ કરવામાં આવ્યું ત્યારે માત્ર 3 કરોડ 23 લાખ ગ્રામીણ પરિવારો પાસે નળના જોડાણ હતા પરંતુ હવે દેશના 77 ટકાથી વધુ ગ્રામીણ પરિવારો પાસે જોડાણ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ જોડાણો દ્વારા પ્રતિ વ્યક્તિ નિર્ધારિત ગુણવત્તા ધરાવતું 55 લિટર પાણી પૂરું પાડવામાં આવે છે.

## PM-VISHWAKARMA

પીએમ વિશ્વકર્મા યોજના હેઠળ અત્યાર સુધીમાં બે કરોડ 28 લાખથી વધુ કારીગરોની નોંધણી કરવામાં આવી છે.જેમાં પાંચ લાખ 42 હજાર 222 મહિલાઓ સહિત 13 લાખ 94 હજારથી વધુ લાભાર્થીઓની સફળતાપૂર્વક નોંધણી કરવામાં આવી છે. ઉદ્યોગ સાહસિકતા રાજ્ય મંત્રી જયંત ચૌધરીએ આજે લોકસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, દેશભરમાં કુલ પાંચ લાખ ત્રણ હજાર 161 ઉમેદવારોને પાયાની તાલીમ આપવામાં આવી છે, જેમાંથી બે લાખ 74 હજાર 703 મહિલાઓ છે.. શ્રી ચૌધરીએ એ જણાવ્યું કે, કર્ણાટકમાંથી સૌથી વધુ એક લાખ નવ હજારથી વધુ ઉમેદવારોને મૂળભૂત કૌશલ્ય તાલીમ હેઠળ પ્રમાણિત કરવામાં આવ્યા છે.

## SHRAVAN SOMVAR

આજથી ઉત્તરભારતમાં શ્રાવણ મહિનાનો પ્રારંભ થયો છે. પ્રથમ દિવસે સોમવાર હોવાથી અહીંનાં શિવ મંદિરોમાં ભક્તોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. બાર જ્યોતિર્ગિંમાંના એક કાશી વિશ્વનાથ ધામ ખાતે ગઈ રાતથી જ શ્રધ્ધાળુઓ એકત્ર થવા માંડ્યા હતા. મંદિરના વહીવટીતંત્રનાં જણાવ્યા પ્રમાણે આજે છ લાખથી વધુ ભાવિકોએ વિશ્વનાથ ધામના દર્શન કર્યા હોવાનું અનુમાન છે.

મધ્યપ્રદેશમાં ઉજ્જૈન અને ઓમકારેશ્વર જ્યોતિર્લિંગ ખાતે દર્શન માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

## IMD – FORECAST

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ દરમિયાન ગુજરાત, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, આજે મધ્યપ્રદેશ, વિદર્ભ અને છત્તીસગઢમાં પણ ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વ રાજસ્થાન, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

## T 20 WOMENS ASIA CUP

મહિલા ટી-20 ક્રિકેટનાં એશિયા કપમાં યજમાન શ્રીલંકાએ દામ્બુલામાં ગ્રૂપ બી મેચમાં મલેશિયાને 144 રનથી પરાજય આપ્યો છે. અન્ય એક મેચમાં થાઈલેન્ડે બાંગલાદેશ સામે ટોસ જીતીને બેટીંગ લીધી છે.

છેલ્લાં સમાચાર મળ્યા ત્યારે થાઇલેન્ડે 12 ઓવરમાં 3 વિકેટે 49 રન બનાવ્યા છે.

## WORLD JUNIOR SQUASH TEAM CHAMPIONSHIP

વિશ્વ જુનિયર સ્ક્વોશ ટીમ સ્પર્ધાની ક્વાર્ટર ફાઇનલમાં ભારતની છોકરાઓ અને છોકરીઓની ટીમ હારી ગઈ હતી .

હ્યુસ્ટનમાં ચાલી રહેલી આ સ્પર્ધામાં, છઠ્ઠી ક્રમાંકિત ભારતીય છોકરાઓની ટીમ ચોથા ક્રમાંકિત દક્ષિણ કોરિયા સામે 1-2થી હારી ગઈ હતી જ્યારે છોકરીઓની ટીમ ત્રીજા ક્રમાંકિત મલેશિયા સામે હારી ગઈ હતી.

છોકરાઓની કેટેગરીમાં યુવરાજ વાધવાણીએ સેઓજીન ઓહને 3-2થી હરાવીને ભારતને વિજયી શરૂઆત અપાવી હતી પરંતુ શૌર્ય બાવા ચાર રસાકસી ભરી રમતમાં જૂ યંગ ના સામે હારી ગયા હતા.